બિહાર: કોર્ટની પરીક્ષાના એડમિટ કાર્ડમાં ઉમેદવારના બદલે 'કૂતરા'નો ફોટો

OFFICE OF THE CONVENOR, CENTRALIZED SELECTION AND APPOINTMENT COMMITTEE-CUM-PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, PATNA
Employment Notice No. 04/2022
Preliminary Test - Recruitment Examination for the post of Attendant [Peon (General + Orderly)], 2022
Admit Card (Candidate's Copy)

Roll Number: Registration Number: 1105618
Candidate's Name:
Father's Name:
Date of Birth(dd-mm-yyyy):
Gender: Male Category: SC
Domicile Bihar: Yes PWBD(PH): No
Permanent Address: DHAWAN DHAWAN DURGADIH BIKRAMGANJ ROTHAS Bihar 802212

Date of Examination	Reporting Time	Gate Closure Time	Examination Time
15-03-2026	08:30 A.M. to 09:30 A.M.	09:30 A.M.	10:00 A.M. to 12:00 Noon.

Examination Centre code and Name: (D15-3704) EKLAVYA CENTRAL SCHOOL, NEAR M.S.SULINDABAD, SAHARSA, SAHARSA - 852202 (BIHAR)

પટણા, તા. 12: બિહારના રોહતાસમાં કોર્ટની નોકરી માટે અરજી કરનાર એક વ્યક્તિને તેના પ્રવેશપત્ર પર પોતાના બદલે 'ગોલ્ડન રિટ્રીવર' કૂતરાનો ફોટો જોઈને મોટો આંચકો લાગ્યો હતો. પીડિતની ઓળખ રાકેશ કુમાર તરીકે થઈ છે અને તેના જણાવ્યા અનુસાર, તેણે લગભગ ચાર વર્ષ પહેલાં ભરતી પ્રક્રિયાની જાહેરાત બહાર પડ્યા બાદ બિહાર જિલ્લા અદાલતમાં પટાવાળાની નોકરી માટે અરજી કરી હતી. જ્યારે તેણે તેની અરજી સબમિટ કરી ત્યારે તેને તેની પહોંચ પણ મળી હતી. જોકે, ૨૦૨૨થી રાહ જોયા બાદ, ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ લેવાનારી પરીક્ષા માટેના પ્રવેશપત્રો જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે તેણે પોતાનું એડમિટ કાર્ડ ડાઉનલોડ કર્યું ત્યારે તે જોઈને ચોંકી ગયો કે તેના પર એક ગોલ્ડન રિટ્રીવરનો ફોટો હતો. કુમારે પુષ્ટિ કરી હતી કે, તેણે તેની અરજી સાથે સાચો ફોટો સબમિટ કર્યો હતો, જે તેની પાસે રહેલી અરજી પ્રક્રિયાની પહોંચની નકલ દ્વારા સાબિત કરી શકાય છે. કુમારના જણાવ્યા મુજબ, આ કથિત ભૂલને કારણે તેને તેના સમાજમાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છે. કુમારે આ ભૂલ અંગે સંબંધિત ભરતી સત્તામંડળમાં અનેક ફરિયાદો નોંધાવી છે; તેમ છતાં પરીક્ષાની તારીખ નજીક હોવા છતાં તેને સત્તાધિકારી તરફથી તેની વિનંતીઓ અંગે કોઈ પ્રતિસાદ મળ્યો નથી.

ટ્રમ્પનો અનોખો શોખ: સ્ટાફને ગિફ્ટમાં આપે છે 13,000ના શૂઝ

અંદાજે માપ લઈને મંગાવે છે શૂઝ; ટ્રમ્પના શૂઝ પહેરવા સ્ટાફ થયો મજબૂર, માર્કો રુબિયો મોટા શૂઝમાં દેખાયા

વોશિંગ્ટનઃ તા. 12: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે વ્હાઈટ હાઉસમાં એક નવી જ પરંપરાને કારણે ચર્ચામાં છે. અહેવાલો મુજબ, ટ્રમ્પ તેમના નજીકના અધિકારીઓ, મંત્રીઓ અને સહયોગીઓને અંદાજે 13,000 ($145) ની કિંમતના 'ફ્લોરશાઈમ' બ્રાન્ડના લેધર શૂઝ ગિફ્ટ કરી રહ્યા છે. સ્થિતિ એવી છે કે વ્હાઈટ હાઉસના સ્ટાફમાં આ શૂઝ એક 'સ્ટેટસ સિમ્બોલ' બની ગયા છે અને અધિકારીઓ ટ્રમ્પની સામે આ શૂઝ ન પહેરતા ડરે છે.

એક અહેવાલ મુજબ, ઓવલ ઓફિસમાં એક મીટિંગ દરમિયાન ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયોને ટોકતા કહ્યું હતું કે, "તમારા શૂઝ ખરાબ છે." ત્યારબાદ તેમણે તરત જ કેટલોગ મંગાવીને તેમના માટે નવા શૂઝ ઓર્ડર કર્યા હતા. થોડા દિવસો બાદ બ્રાઉન કલરના બોક્સમાં ટ્રમ્પની સહી કરેલી નોટ સાથે આ શૂઝ અધિકારીઓને મળે છે. સોશિયલ મીડિયા પર યુઝર્સે નોંધ્યું હતું કે વિદેશ મંત્રી માર્કો રુબિયો એક ફોટામાં ટ્રમ્પે ગિફ્ટ આપેલા શૂઝ પહેરેલા દેખાય છે, પરંતુ તે તેમના માપ કરતા ઘણા મોટા લાગતા હતા.

વ્હાઈટ હાઉસના એક મહિલા અધિકારીએ રમુજમાં જણાવ્યું કે, "બધા છોકરાઓ પાસે આ શૂઝ છે અને કોઈ તે પહેર્યા વગર ટ્રમ્પની સામે જતા ડરે છે."

કેટલાક અધિકારીઓએ ખાનગીમાં ફરિયાદ કરી છે કે તેમને લુઈ વિટન જેવી મોંઘી અને આરામદાયક બ્રાન્ડ્સ છોડીને ટ્રમ્પની ગિફ્ટ સાચવવા માટે આ બજેટ શૂઝ પહેરવા પડે છે. મજાની વાત એ છે કે, ટ્રમ્પ ઘણીવાર સામી વ્યક્તિની પરવાનગી વગર જ તેમના શૂઝની સાઈઝનો અંદાજ લગાવી લે છે.

સહરાનું રણ સફેદ થઈ ગયું!

રેતીના ઢુવાઓ પર બરફની ચાદર! ૪૦ વર્ષમાં ૭મી વાર કુદરતનો અનોખો નજારો

અલ્જેરિયાના ઐન સેફ્રા શહેરમાં તાપમાન શૂન્ય ડિગ્રીથી નીચે જતાં હિમવર્ષા માટે સાનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ હતી. એવું માનવામાં આવે છે કે છેલ્લા 40 વર્ષમાં આ વિસ્તારમાં આ સાતમી વખત હિમવર્ષા થઈ છે.

2016 પહેલાં, ઐન સેફ્રામાં છેલ્લી વખત 1979માં બરફ પડ્યો હોવાનું નોંધાયું હતું, પરંતુ છેલ્લા દાયકામાં આ ઘટના વધુ વારંવાર બનવા લાગી છે. 'રણના પ્રવેશદ્વાર' તરીકે જાણીતું આ શહેર એટલાસ પર્વતમાળાની નજીક સહારાની ઉત્તરી ધાર પર આવેલું છે, જે આ અદભૂત કુદરતી ઘટના માટે યોગ્ય સંજોગો પૂરા પાડે છે. જો કે, સ્થાનિક રહેવાસીઓ માટે આ હવામાન આનંદ દાયક છે, અલબત્ત, તે હવામાન ટૂંકજીવી રહે છે, કારણ કે બરફ માત્ર હળવો જ પડે છે. જે પડતાની સાથે જ ઓગળી જવાની ધારણા રહે છે. આમ, તો રણપ્રદેશમાં શિયાળામાં બરફ પડવો તે એકદમ આશ્ચર્યજનક બાબત તો નથી, પરંતુ આવી બરફવર્ષા ક્યારેક જ થાય છે પરંતુ હાલમાં કદાચ વૈશ્વિક હવામાન પરિવર્તનની અસરને કારણે જ આવી બરફવર્ષા થવાની ઘટનાઓ થોડી વધી છે.

અમારી પાસે અંતહીન ડ્રોન અને મિસાઈલો છે: ઈરાન

તેહરાનઃ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ઈરાને તેના ઘાતક 'નેવલ સ્યુસાઈડ ડ્રોન્સ' (આત્મઘાતી નૌકા ડ્રોન) નો વિશાળ કાફલો પ્રદર્શિત કર્યો છે. ઈરાને વિશ્વના ૨૦% તેલ પુરવઠા માટે અત્યંત મહત્વના એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની) ને બળજબરીપૂર્વક બંધ કરી દીધી છે. ઈરાની શાસને સમુદ્રી માર્ગો પર હુમલા તેજ કર્યા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના પુરવઠામાં મોટો વિક્ષેપ ઊભો થયો છે. આ સાંકડા દરિયાઈ માર્ગ પર કબજો જમાવીને ઈરાને તેલના ભાવને પ્રતિ બેરલ $૨૦૦ સુધી પહોંચાડી દેવાની યોજના બનાવી છે. ઈરાને તેની અન્ડરગ્રાઉન્ડ ટનલોમાં સંગ્રહિત હજારો આત્મઘાતી ડ્રોન્સ બતાવ્યા છે, જે દુશ્મન જહાજો સાથે અથડાઈને તેને પળવારમાં ડૂબાડી શકે છે. ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રોપેગેન્ડા ફૂટેજમાં તેની ગુપ્ત અન્ડરગ્રાઉન્ડ ટનલો બતાવવામાં આવી છે, જે આધુનિક નેવલ ડ્રોન્સ, એન્ટિ-શિપ મિસાઈલ્સ અને દરિયાઈ સુરંગોથી સજ્જ છે. ઈરાન પાસે એવા અસંખ્ય એટેક બોટ્સ છે જે સમુદ્રમાં પસાર થતા જહાજો પર ડ્રોન હુમલા કરી શકે છે.

પાણીની અંદર '૧૦૦ મીટર પ્રતિ સેકન્ડ'ની ઝડપ ધરાવતી મિસાઈલ

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના જનરલ ફદાવીએ ગંભીર ચેતવણી આપતા જણાવ્યું છે કે, ઈરાન પાસે એવી અન્ડરવોટર મિસાઈલ્સ છે જેની ઝડપ પ્રતિ સેકન્ડ ૧૦૦ મીટર છે. ઈરાને દાવો કર્યો છે કે આવી ટેકનોલોજી માત્ર તેમની અને રશિયા પાસે જ છે. ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બઘેર ગાલિબાફે કડક શબ્દોમાં કહ્યું છે કે, જો અમેરિકા અને ઈઝરાયેલ ઈરાની ધરતી કે ટાપુઓ પર હુમલો કરવાનું ચાલુ રાખશે, તો ઈરાન તમામ સંયમ છોડી દેશે. તેમણે ચેતવણી આપી છે કે તેઓ પર્શિયન ગલ્ફને આક્રમણખોરોના લોહીથી લાલ કરી દેશે.

ક્રૂડના વધતા ભાવોથી અમેરિકાને ફાયદો: ટ્રમ્પ

જો કે સાથે જ ખુલાસો કર્યો કે આ યુદ્ધનો હેતુ કમાણી કરવાનો નહીં, ઇરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવતા અટકાવવાનો છે

વૉશિંગ્ટન, તા. ૧૨: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે જ્યારે વૈશ્વિક તેલના ભાવમાં વધારો થાય છે ત્યારે અમેરિકાને આર્થિક રીતે ફાયદો થાય છે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈરાનને પરમાણુ હથિયારો મેળવતા અટકાવવું એ તેમના વહીવટીતંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે ઈરાન સાથેના ચાલુ તણાવને વૈશ્વિક ઉર્જા બજારો સાથે જોડ્યો હતો અને તેહરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓ વિરુદ્ધના તેમના લાંબા સમયથી ચાલતા વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. ટ્રમ્પે લખ્યું, અમેરિકા વિશ્વમાં તેલનું સૌથી મોટું ઉત્પાદક છે, તેથી જ્યારે તેલના ભાવ વધે છે, ત્યારે આપણે ઘણા પૈસા કમાઈએ છીએ.

જમ્મુમાં પાકિસ્તાની ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલું રૂ.12 કરોડનું હેરોઈન જપ્ત

જમ્મુ, તા. 12 (PTI): જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાની ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલું આશરે 2 કિલો હેરોઈન મળી આવ્યું છે, જેની કિંમત 12 કરોડ રૂપિયા હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે મોડી રાત્રે બિશનાહ વિસ્તારના બહાદુરપુરા ગામમાં ખેતીની જમીનમાંથી જમ્મુ પોલીસ અને બીએસએફની 101 બટાલિયન દ્વારા આ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, શંકાસ્પદ ડ્રોન ડ્રોપિંગ અંગેની મળેલી બાતમીના આધારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં દોરડા અને હૂક સાથે જોડાયેલી એક થેલી મળી આવી હતી, જેની અંદર હેરોઈનના નાના પેકેટ હતા. પોલીસે આ રિકવરીને ડ્રગ સ્મગલિંગ વિરોધી મોરચે એક મોટી સિદ્ધિ ગણાવી છે અને જણાવ્યું છે કે, આ વિસ્તાર આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર થોડા કિલોમીટર દૂર છે. પોલીસે જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલા પેકેટમાં આશરે 2 કિલો હેરોઈન છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત 12 કરોડ રૂપિયા છે.

પેજ 3

ખાનગી ઓડિયો લીક થયા બાદ રશ્મિકા મંદાનાની કાયદેસર કાર્યવાહીની ચેતવણી

નવી દિલ્હી, તા. ૧૨ (PTI): અભિનેત્રી રશ્મિકા મંદાનાએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેના લગ્ન પછી વિવાદ ઊભો કરવા માટે હાલમાં જે 'જૂની ખાનગી વાતચીત' વાયરલ કરવામાં આવી રહી છે, તેને પ્રસિદ્ધ કરનારાઓ સામે તે કાયદેસરની કાર્યવાહી કરશે. મંદાના અગાઉ કન્નડ અભિનેતા રક્ષિત શેટ્ટી સાથે સગાઈ કરી હતી, પરંતુ ૨૦૧૮માં, માત્ર એક વર્ષ પછી તેણે સગાઈ તોડી નાખી હતી. તેણે તાજેતરમાં અભિનેતા વિજય દેવરકોંડા સાથે લગ્ન કર્યાં છે. મંદાનાએ એક્સ પર લખ્યું, છેલ્લાં ૮ વર્ષથી મીડિયાના એક વર્ગ અને ઓનલાઇન વ્યક્તિઓ દ્વારા મારી વિરુદ્ધ ખોટી માહિતી, સતામણી અને લક્ષિત હુમલાઓનું સતત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. અયોગ્ય ટીકા'નો ભોગ બનવા છતાં તેણે મૌન પસંદ કર્યું હતું, પરંતુ હવે નહીં. આ નિવેદન આપ્યાના ૨૪ કલાકમાં આ સામગ્રી હટાવવાનો તમારી પાસે સમય છે. જો તેમાં નિષ્ફળ જશો કાયદેસરની કાર્યવાહી શરૂ કરાશે.

'મારાં લગ્ન લવ-જેહાદ નથી, અમે ધર્મ પરિવર્તન કર્યું નથી' : વાયરલ ગર્લ મોનાલિસા

તિરુવનંતપુરમ, તા. 12 (PTI): ગયા વર્ષે પ્રયાગરાજ કુંભ મેળા દરમિયાન પ્રખ્યાત થયેલી યુવતી મોનાલિસા ભોંસલેએ ગુરુવારે જણાવ્યું હતું કે, અહીં એક મુસ્લિમ વ્યક્તિ સાથે તેનાં લગ્ન તેની પોતાની પસંદગીથી અને હિન્દુ રીત-રિવાજો મુજબ થયાં હતાં. તેણે આ લગ્ન 'લવ-જેહાદ'નો કિસ્સો હોવાના આરોપોને ફગાવી દીધા હતા. મધ્ય પ્રદેશની રહેવાસી ભોંસલેએ જણાવ્યું હતું કે, ન તો તેણે કે ન તો તેના પતિએ પોતાનો ધર્મ બદલ્યો છે અને તેણે જ તેને લગ્ન કરવા માટે મજબૂર કર્યો હતો. અહીં એક પત્રકાર પરિષદમાં તેણે પત્રકારોને જણાવ્યું હતું કે, ''તે મારી સાથે લગ્ન કરવા માંગતો ન હતો, પરંતુ મેં તેને તેમ કરવા માટે દબાણ કર્યું હતું. અમે હિન્દુ રીત-રિવાજો મુજબ લગ્ન કર્યાં છે.''યુગલે એમ પણ કહ્યું હતું કે, ''આ લવ-જેહાદનો કિસ્સો નથી'' જેવું મીડિયાના એક વર્ગ દ્વારા કથિત રીતે અહેવાલ આપવામાં આવ્યો હતો. કારણ કે કલાકાર હોવાને નાતે તેમના માટે તમામ ધર્મો સમાન છે. યુગલે જણાવ્યું હતું કે, ''અમે તમામ ધર્મોનું સન્માન કરીએ છીએ અને અમે ધર્મ પરિવર્તન કર્યું નથી.''

ઈરાન-અમેરિકા યુદ્ધમાં રશિયાને ચાંદી

માત્ર બે અઠવાડિયામાં કરી રૂ.63,000 કરોડથી વધુની વધારાની કમાણી

નવી દિલ્હી, તા. 12છ ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધે વૈશ્વિક તેલ બજારને હચમચાવી નાખ્યું છે. તેલના પુરવઠાને લઈને વધતી ચિંતાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે, વિશ્વના અનેક દેશોએ પોતાના ઈમરજન્સી તેલ ભંડાર ખોલવા પડ્યા છે. તેમ છતાં બજારમાં કિંમતોની આગ શાંત થઈ રહી નથી. ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત 100 ડોલરને પાર પહોંચી ગઈ છે. આ ઊથલપાથલ વચ્ચે રશિયાને મોટો આર્થિક ફાયદો થતો દેખાઈ રહ્યો છે. વધતી કિંમતોએ રશિયન તેલની કમાણીને અચાનક અનેક ગણી વધારી દીધી છે.

તેલની આ તેજીએ રશિયાની કમાણી પણ વધારી દીધી છે. ઊર્જા બજારનું વિશ્લેષણ કરતી સંસ્થા સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરના એક રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ માત્ર બે અઠવાડિયામાં રશિયાએ અંદાજે 6.9 અબજ યુરોની વધારાની કમાણી કરી લીધી છે. રિપોર્ટ અનુસાર, રશિયાને દરરોજ લગભગ 51 કરોડ યુરોની વધારાની આવક થઈ રહી છે.

USS જેરાલ્ડ ફોર્ડ પર આગ: બે અમેરિકી સૈનિકો ઇજાગ્રસ્ત



લાલ સમુદ્રમાં તૈનાત અને ઈરાન વિરુદ્ધના સૈન્ય ઓપરેશનમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા અમેરિકી યુદ્ધ જહાજ પર ગુરુવારે આગ લાગી હતી. આ અકસ્માતમાં બે નાવિકો ઈજાગ્રસ્ત થયા છે, જોકે રાહતની વાત એ છે કે તેમની હાલત સ્થિર છે અને ઈજાઓ જીવલેણ નથી. અમેરિકી નૌકાદળના સત્તાવાર નિવેદન અનુસાર આને યુદ્ધ સાથે સંબંધ નથી. આ આગ ઈરાનના કોઈ હુમલા કે મિસાઈલને કારણે નથી લાગી. પ્રારંભિક તપાસ મુજબ, આગ જહાજના મુખ્ય 'લૌન્ડ્રી સેક્શન'માં લાગી હતી. આગને કારણે જહાજના એન્જિન કે ઓપરેશનલ સિસ્ટમને કોઈ નુકસાન થયું નથી. દુનિયાનું આ સૌથી મોટું યુદ્ધ જહાજ હજુ પણ સંપૂર્ણ રીતે કાર્યરત છે.

અનિલ અંબાણી ગ્રુપની વધુ રૂ, 581 કરોડની મિલકતો જપ્ત

૧૩ જેટલા રાજ્યોમાં આવેલ રિલાયન્સ અનિલ અંબાણી જૂથની મિલકતો ટાંચમાં લેવાઇ, આ ગ્રુપની ટાંચમાં લેવાયેલ મિલકતોનું કુલ મૂલ્ય રૂ. ૧૬૩૧૦ કરોડ થયું

નવી દિલ્હી, 12 માર્ચ (PTI): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED)એ ગુરુવારે જણાવ્યું હતું કે તેણે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીની કંપનીઓ RHFL અને RCFL સામેની તપાસના ભાગરૂપે રૂ. 581 કરોડથી વધુની નવી સંપત્તિ જપ્ત કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, ગોવા, કેરળ, કર્ણાટક, પંજાબ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ અને રાજસ્થાનમાં આવેલી જમીનોને જપ્ત કરવા માટે 11 માર્ચના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ એક કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે આ મિલકતોની કિંમત રૂ. 581.65 કરોડ છે અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ (RCFL) સંબંધિત તપાસના ભાગરૂપે તેને ટાંચમાં લેવામાં આવી છે. આ જપ્તી 'ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ' (FEMA) હેઠળ રિલાયન્સ પાવર લિમિટેડ વિરુદ્ધના કેસમાં 6 માર્ચના રોજ કરવામાં આવેલી સર્ચ કામગીરી બાદ કરવામાં આવી છે.

-:: જાહેર આખરી ચેતવણી ::-

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે બાજુમાં જણાવેલ ફોટા વાળી વ્યક્તિ અમારો પુત્ર નામે **શૈલેષભાઇ આશારામભાઇ પટેલ** અમારા કહ્યામાં નથી અને ખોટી સંગતને કારણે અવળા રસ્તે ચડી ગયેલ હોય, પોતાની મરજી મુજબ અલગથી સ્વછંદી જીવન જીવે છે, જેથી હમારી તમામ મિલકતોમાંથી તેને બેદખલ કરેલ છે. આથી તેની સાથે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે અન્ય કોઈ ઈસમોએ કોઈપણ જાતના કાયદેસરના કે બિન કાયદેસરના કોઈપણ પ્રકારના લખાણો કરવા કે કરાવવા નહી, ચેકો લઈને વ્યાજે કે હાથ ઉછીના કોઈપણ પ્રકારે નાણાંકીય કે અન્ય વ્યવહારો કરવાં કરાવવા નહી, જો આવા કોઈપણ વ્યવહારો કરશે કે કરાવશે તો તે અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે. હમારી કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની ગંભીર નોંધ લેવી.

સહિ/- આશારામભાઇ મગનભાઇ પટેલ
ઓફિસ : ૨૧૫, વેસ્ટર્ન પ્લાઝા, સીમાડા, સુરત-૩૯૫૦૦૬.

મારા અસીલની સુચના અન્વયે
હર્નિષ એચ. નાકરાણી
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ પલસાણા નાં મોજે ગામ અંભેટી, જેનો સર્વે/બ્લોક: ૨૩ ચાલી આવેલ છે. જેનું ક્ષેત્રફળ જરાયત સુમારે ૦૦ હેકટર ૧૪ આરે ૧૬ સમચો.મી. યાને ૧૪૧૬ સમ ચો.મી. તથા કયારી સુમારે ૦૦ હેકટર ૦૨ આરે ૦૩ સમચો.મી. યાને ૨૦૩ સમ ચો.મી. તથા પો.ખ.અ સુમારે ૦૦ હેકટર ૦૧ આરે ૦૧ સમચો.મી. યાને ૧૦૧ સમ ચો.મી.છે, જેનું કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૦૦ હેકટર ૧૭ આરે ૨૦ સમચો.મી. યાને ૧૭૨૦ સમ ચો.મી. છે જેનો આકાર રૂા ૬.૧૨ પૈસા જેનો ખાતા નંબર ૮૫૯ થી નોંધાયેલી જુની શરતની ખેડ ખાતાની જમીન ચાલી આવેલ છે. તેના સ્વંતત્ર માલીક મુખત્યાર તથા કબજેદાર અંકેશ ચીમનભાઈ પટેલ પાસેથી મારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોકત ખેતી જમીનમાં કોઇના કોઇપણ જાતના હક્ક હિસ્સા કે લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકીયા, લિયાનના હક્કો યા ઇઝમેન્ટના હક્કો યા બેંક મંડળી, સંસ્થા, કે બીજા કોઇપણ જાતના હક્ક હોય તો તે અંગેની દિન-૭ માં પુરાવા સહિત હમોને લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયે સદર જમીનમાં કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હીસ્સા, દરદાવા, બોજા, લાગભાગ વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. તેમ ગણી મુદત વિત્યે હમારા અસીલ પાકા લખાણો/દસ્તાવેજો કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર યા વાંધા ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : "આર્શીવાદ", તળાવ ફળીયું, ઉમરા,સુરત-૭. મો. નં. ૯૮૨૪૪ ૯૩૯૫૫
ધર્મેશ એમ. ચૌહાણ
(એડવોકેટ એન્ડ નોટરી)
તે ખરીદનારના એડવોકેટ

"કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" એ કરેલી બદનક્ષી ભરી વાતોમાં કોઇએ આવવું નહી.

મારા અસીલ તુષાર હિતેન્દ્રસિંહ પાલ, રહે.૪૩, શિવધારા રેસીડેન્સી, શશાંક રેસીડેન્સીની પાસે, ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, સુરત નાઓ જમીન – મિલકતની દલાલી – બ્રોકર તરીકેનું તેમજ ગાડી લે-વેચનું કામ છેલ્લા ૭ વર્ષ ઉપરાંતથી કરતા આવેલા છે અને વેપારી ઈસમો તેમજ વ્યવસાય સંકુલ ધરાવતા ઈસમોમાં અને જમીન મિલકત ખરીદ કરતા ઈસમોમાં મારા અસીલ ઉંચી શાખ અને પ્રતિષ્ઠા ધરાવે છે. મારા અસીલ ઈમાનદારી અને ખંતપુર્વક તેમનું કામકાજ કરતા આવેલા છે. ટાઈટલમાં દર્શાવેલ "કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" નાઓએ મારા અસીલ વિરૂધ્ધ મુંબઈ મુકામે તદ્દન ખોટી હકીકત અને ખોટા આક્ષેપોવાળી ફરીયાદ નોંધાવેલ. જે એફ.આઈ.આર. ના કામે મુંબઈ હાઈકોર્ટ ધ્વારા મારા અસીલને જામીન મુકત કરવામાં આવેલ છે. તેમ છતાં "કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" નાઓ મારા અસીલ વિરૂધ્ધ પુર્વગ્રહ રાખી અને મારા અસીલ પાસેથી નાણાં પડાવવા એક્ષ્ટોર્ટીંગ કરવાના ભાગરૂપે જાણે મારા અસીલ છોકરીઓને ફસાવી તેઓની પાસેથી નાણાં પડાવતા હોય તેવા ખોટા અને બદનક્ષીકારક મેસેજો સોશીયલ મીડીયામાં, વોટસએપ એપ્લીકેશનના સ્ટેટસ ઉપર તેમજ વોટસએપના જુદા જુદા ગૃપમાં, ફેસબુકમાં તેમજ ઈન્સ્ટ્રાગ્રામ ઉપર સરકયુલેટ કરી – કરાવી રહયા છે અને તેમ કરીને મારા અસીલની શાખ અને પ્રતિષ્ઠાને ઈરાદાપુર્વક નુકશાન પહોંચાડી રહયા છે. મારા અસીલ છોકરીઓને ફસાવવાનો કે તેઓની પાસેથી નાણાં પડાવવાનો કોઈ ગુનો કરતા નથી કે કયારેય પણ કરેલ નથી. "કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" નાઓએ સોશીયલ મીડીયામાં મારા અસીલ વિરૂધ્ધ ખોટા સમાચારો સરકયુલેટ કરીને મારા અસીલની વર્ષોથી ચાલી આવેલ શાખ અને પ્રતિષ્ઠાને નીચી પાડેલ છે તેમજ એક્ષ્ટોર્શનના ભાગરૂપે ખોટી માહિતીઓ ફેલાવી મારા અસીલની બદનક્ષી કરીને ભારતીય ન્યાય સંહીતા ની જોગવાઈ હેઠળના ગંભીર સજાને પાત્ર ગુના કરેલા છે અને અમારા અસીલ તે અંગે જરૂરી કાર્યવાહી કરનાર છે. સબબ, આ જાહેર ચેતવણીથી જાહેર જનતાને જણાવવાનું કે, "કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" ધ્વારા મારા અસીલ વિરૂધ્ધ જે ખોટી અને બદનક્ષીકારક હકીકતો સોશીયલ મીડીયામાં ફેલાવવામાં આવી રહી છે તેઓની વાતોમાં કોઈ આવવું નહી અને મારા અસીલ વિરૂધ્ધના ખોટા આક્ષેપોવાળા મેસેજ સોશીયલ મીડીયામાં કે પ્રિન્ટ મીડીયામાં તેમજ દૈનિક પેપરમાં સરકયુલેટ કરવા–કરાવવા નહી, તેમજ મારા અસીલ તુષાર હિતેન્દ્રસિંહ પાલ ને ખોટી રીતે છોકરીઓ ફસાવવા બદલ અને તેઓ પાસેથી નાણાં પડાવતા ઈસમ તરીકે દર્શાવવા બદલ જાહેર માફી માંગી અને તુષાર હિતેન્દ્રસિંહ પાલ વિરૂધ્ધ કરવામાં આવેલ બદનક્ષીકારક આક્ષેપો પાછા ખેંચી લેવા અન્યથા મારા અસીલે "કવિતા ઠાકુર ઉર્ફે કવિતા ઉત્તમસિંગ" અને તેના મળતીયા ઈસમો વિરૂધ્ધ તેમજ ખોટા મેસેજો ફોરવર્ડ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે, જેની સર્વેએ નોંધ લેવી.

મારી મારફત **ભાવેશ ડી. ચલીઆવાલા** એડવોકેટ
ઓફિસ :- ૯/૧૮૩૭-૪૨, પહેલો માળ, જે.પી.બિસ્કીટ બેકરીની બાજુમાં, મહાત્મા ગાંધી રોડ, લીમડા ચોક, સુરત.

મોજે કાની, તા. મહુવા, જી. સુરત, રે.સ.નં.૫૩૩/૧, બ્લોક નં. ૫૫૭ વાળી જમીન સંદર્ભે ખરીદનાર સાવધાન તથા જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ મહુવાના ગામ મોજે કાનીના રે.સ.નં. ૫૩૩/૧, બ્લોક નં. ૫૫૭ થી નોંધાયેલી જૂની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૫૪૦૦ ચો.મી. તથા આકાર રૂા. ૯–૮૦ પૈસા છે તથા ખાતા નંબર : ૪૫૫ છે તે જમીન સંદર્ભે તા. ૭/૩/૨૦૨૬ ની વેચાણ અંગેની જાહેર નોટીસ કે જે ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ દૈનિક અખબારમાં તા. ૮/૩/૨૦૨૬ ના રોજ અનામી ખરીદનારના એડવોકેટ શ્રી વિશાખ ડી. પટેલ દ્વારા પ્રસિધ્ધ થયેલ છે તે જમીનમાં હિન્દુ વારસા હકક અધિનિયમ–૧૯૫૬ હેઠળ અમારા અસીલ વૈશાલીબેન તે ઈશ્વરભાઈ મણીલાલ પટેલની દિકરીનો કાયદેસરનો વણ–વહેંચાયેલ હકક, હિસ્સો સમાયેલો છે. સદર જમીન વડીલોપાર્જીત ખેતીની જમીનના વેચાણ ઉપજમાંથી ખરીદવામાં આવેલ છે એટલે તેમાં અમારા અસીલનો પણ માલિકી હકકે હકક, હિસ્સો ચાલી આવેલ છે એટલે તે ચાલી આવેલ હકક, હિસ્સો આજદિન સુધી છૂટો પાડવામાં આવેલ નથી. અમારા અસીલે સદર જમીન વેચાણ કરવા માટે કોઈને સંમતિ કે પરવાનગી આપેલ નથી. એટલે પણ અમારા અસીલની સંમતિ કે પરવાનગી વિના સદર ખેતીની જમીન ખરીદવી નહી. તેમજ, તેમને સદર જમીનના ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ મળશે નહી. તેમજ, ખરીદનારે દાવાદુવીના પ્રકરણોમાં સંડોવાવવું પડશે જેની ખાસ લેખિત નોંધ લેવી. તેમ છતાં જો કોઈપણ વ્યકિત કે ઈસમ દ્વારા સદર જમીન ખરીદવામાં આવશે તો તેના પરિણામ, ખર્ચ અને નુકસાનીની સંપૂર્ણ જવાબદારી જે તે ખરીદનારની રહેશે. આ નોટીસની અવગણના કરીને જો સદર જમીનનો વેચાણ વ્યવહાર કરવામાં આવશે તો અમારા અસીલ તે વ્યવહારમાં સંકળાયેલ તમામ ઈસમો વિરૂધ્ધ સિવિલ, ફોજદારી તથા રેવન્યુ રાહે કાયદેસરના તમામ પગલાં ભરશે જેની સ્પષ્ટ લેખિત નોંધ લેવી. કોઈ ઈસમ ખોટી રીતે દાવાદુવીના પ્રકરણોમાં સંડોવાય ન જાય તેવા શુભઆશયથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. તારીખ : ૧૩/૩/૨૦૨૬.

ધવલ આઈ. પટેલ તથા ધર્મેશ જે. પટેલ
મોબાઈલ નંબર : ૯૮૯૮૬૧૮૨૧૧ મોબાઈલ નંબર : ૯૫૮૬૯૪૨૦૮૭
એડવોકેટ્સ
ઓફિસ : ૨, પહેલો માળ, ઉર્મિ એપાર્ટમેન્ટ, અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧.

સીટીસર્વે વોર્ડ નંબર : ૯, સીટીસર્વે નોંધ નંબર : ૫૨૧ વાળી મિલકત અંગે
ટાઈટલ કલીયરન્સ બાબત વેચાણ અંગેની જાહેર નોટીસ

શહેર સુરતનાં કોટસફીલ મેઈન રોડ વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નંબર : ૯, સીટી સર્વે નોંધ નંબર : ૫૨૧** થી નોંધાયેલી મિલકત, જેનું ક્ષેત્રફળ **૧૭૦.૫૭૦૫ સમ ચોરસ મીટર** છે. તે ખુલ્લી જમીનવાળી મિલકત તથા તેને લાગતાં વળગતાં અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની ખુલ્લી જમીનવાળી મિલકતના માલિક **શ્રી નગીનદાસ ગંગારામ મામખાઉ** વિગેરેનાઓએ તેઓની વડીલોપાર્જીત વારસાગત સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટા હેઠળની હોવાનું જણાવી તથા સદરહું ખુલ્લી જમીનવાળી મિલકતનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલ પાસેથી વેચાણ પેટેનો અવેજ સ્વીકારી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ તેનો ટુંક સમયમાં કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી સદરહું ખુલ્લી જમીનવાળી મિલકત અંગે જે કોઈ શખ્સ કે ઈસમ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો હોય અગર બેંક કે બેકિંગ જેવી સંસ્થાની કોઈપણ જાતની લોન, કરજ, બોજો હોય તો તેઓએ **દિન-૭** માં લેખિત પુરાવા સહીત અમોને જાણ કરવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો, દર-દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી સદરહું ખુલ્લી જમીનવાળી મિલકતના ટાઈટલ કલીયર ગણી અમારા અસીલ સદરહુ ખુલ્લી જમીનવાળી મિલકત અંગેનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અશોકકુમાર સી.રાણા
એડવોકેટ એન્ડ નોટરી
મો.૯૮૨૫૧૭૮૩૩૭

કમલેશકુમાર સી.કહાર
એડવોકેટ
મો.૯૮૨૫૫૩૩૧૮૩
તે ખરીદનારના એડવોકેટસ્

હરીશ એ.રાઠોડ
એડવોકેટ એન્ડ નોટરી
મો.૯૭૧૨૬૩૭૯૩૮

ઠેકાણું : ઓફીસ નં.૨૦૪, "દ્વારકેશ" ગીતા એપાર્ટમેન્ટની પાસે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.